તા. ૧૫-૧૦-૨૦૧૯ થી ૨૦-૧૧-૨૦૧૯ સુધીના વરસાદ અન્વયે રાજ્ય બજેટમાંથી કૃષિ સહાય પેકેજ અંતર્ગત સુધારો કરવા બાબત

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક..........
13 FEB 2020
11205

ગુજરાત સરકાર
કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : પકબ/૧૦૨૦૧૯/૪૧૨૩/ક.૭
સચિવાલય ગાંધીનગર
તા.૧૧/૦૨/૨૦૨૦

**સંદર્ભ:** ૧. કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો સમાન ક્રમાંકનો તા.૨૬/૧૧/૨૦૧૯નો ઠરાવ
૨.મહેસૂલ વિભાગનો ઠરાવ ક્ર.સીએલએસ/૧૦૨૦૧૯/૧૭૮૦/સ.૩ તા.૨૬/૧૧/૨૦૧૯
૩.ખેતી નિયામકશ્રીની તા.૩૦/૧૨/૨૦૧૯ની સિંગલ ફાઇલ ક્ર.ઈકોસ્ટેટ/વેધરવૉચ/૨૫૧૪૨/૧૯

**પ્રસ્તાવના :**

ચાલુ વર્ષે ખરીફ ઋતુમાં ખુબ સારા ચોમાસુ વરસાદના કારણે રાજ્યના વિવિધ પાકોનું સારું વાવેતર થયેલ અને ખુબ સારા ઉત્પાદનની શક્યતા ઉભી થયેલ હતી, પરંતુ રાજ્યમાં ખરીફ ઋતુમાં તા. ૧૫-૧૦-૨૦૧૯ થી ૨૦-૧૧-૨૦૧૯ દરમ્યાન વાવાઝોડું, કમોસમી વરસાદ તેમજ કરા પડવા જેવી ઘટનાઓના કારણે મહદ અંશે રાજ્યના તમામ ખેડૂતોને પાક કાપણી, લણણી અને સંગ્રહના તબક્કે નુકશાનીનો સામનો કરવો પડેલ. જેથી ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) મુજબના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તથા વંચાણે લીધેલ ક્રમાંક (૨) મુજબના મહેસૂલ વિભાગના ઠરાવથી સરકારશ્રી દ્વારા કૃષિ સહાય પેકેજ જાહેર કરેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) મુજબની ખેતી નિયામકશ્રીની સિંગલ ફાઇલ અન્વયે વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) મુજબના ઠરાવ સાથે સામેલ પત્રક-૧માં જુનાગઢ (સિટી) તથા સુરત (સિટી) તાલુકાઓનો સમાવેશ કરવા તથા સામેલ પત્રક-૨માં સમાવિષ્ટ જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાનાં સમાવિષ્ટ ગામો ઉપરાંત સુખપુર ગામનો સમાવેશ કરવા તથા પત્રક-૨માં સમાવિષ્ટ અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ગામ જશવંતપુરા(આમોદરા)ની જગ્યાએ જશવંતપુરા(ખડોલ) કરવા માટે કરાયેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) મુજબના આ વિભાગના ઠરાવ સાથે સામેલ પત્રક-૧માં જુનાગઢ (સિટી) તથા સુરત (સિટી) તાલુકાઓનો તેમજ પત્રક-૨માં સમાવિષ્ટ જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના સમાવિષ્ટ ગામો ઉપરાંત સુખપુર ગામનો આથી કૃષિ સહાય પેકેજ હેઠળ સમાવેશ કરવામાં આવે છે. જ્યારે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) મુજબના આ વિભાગના ઠરાવ સાથે સામેલ પત્રક-૨માં સમાવિષ્ટ અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ગામ જશવંતપુરા(આમોદરા)ના સ્થાને નામ બદલીને જશવંતપુરા(ખડોલ) કરવા માટે આથી ઠરાવવામાં આવે છે.

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) મુજબના વિભાગના સમાનાંકી ઠરાવની આ સિવાયની અન્ય બોલીઓ અને શરતો યથાવત રહેશે.

ઉક્ત સુધારા ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૫/૦૨/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ઉપ સચિવ
કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ :

૧) માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ—૧, સચિવાલય, ગાંધીનગર.

૨) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ—૧, સચિવાલય, ગાંધીનગર.

૩) માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ—૧, સચિવાલય, ગાંધીનગર.

૪) માન.મંત્રીશ્રી(મહેસૂલ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર.

૫) માન.રા.ક.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૨, સચિવાલય, ગાંધીનગર.

૬) માન.મુખ્યસચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

૭) અધિક મુખ્ય સચિવશ્રી(નાણા), સચિવાલય, ગાંધીનગર.

૮) અધિક મુખ્ય સચિવશ્રી(મહેસૂલ), સચિવાલય, ગાંધીનગર.

૯) અધિક મુખ્ય સચિવશ્રી(પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર.

૧૦) રાહત કમિશનરશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૧) ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર.

૧૨) એ.જી. કચેરી, રાજકોટ(એ. એન્ડ ઈ.) , ગુજરાત રેસકોર્સ રોડ, રાજકોટ.

૧૩) એ.જી. કચેરી, અમદાવાદ

૧૪) કલેક્ટરશ્રી, તમામ (ખેતી નિયામકશ્રી મારફત)

૧૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ (ખેતી નિયામકશ્રી મારફત)

૧૭) જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, તમામ (ખેતી નિયામક મારફત)

૧૮) બજેટ, નાણા શાખા, આઈ.ટી. શાખા(ઓનલાઈન વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારું) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

૧૯) શાખા સીલેક્ટ ફાઈલ

૨૦) ના.સે.અ. સીલેક્ટ ફાઈલ